1.0 અધ્યાપનની જૂની અને નવી વિભાવના

ડૉ.જગદીશભાઈ આર મહિડા

‘‘ભારતનું ભાવિ તેનાં વર્ગોમાં ઘડાઈ રહ્યું છે અને ભારતની આવતીકાલ જો ઘડવી હશે તો તે તેના વર્ગોમાં જ ઘડાશે’’ - રાષ્ટ્રીય શિક્ષણપંચ

⇨ અધ્યાપન એક હેતુલક્ષી પ્રક્રિયા છે. એનું પાયાનું કામ વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન આણવાનું છે. વળી, આ પરિવર્તન પણ યોગ્ય દિશામાં અને વિકાસના ત્રણેય પાસાં જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક-ને સ્પર્શતુ હોવું આવશ્યક છે. વિદ્યાર્થીઓના આ ત્રણેય પાસાંમાં અપેક્ષિત પરિવર્તનો લાવવા માટે શાળાઓમાં વિવિધ વિષયોનું શિક્ષણ અપાય છે. સાથે સાથે અનેક શૈક્ષણિક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ બધી જ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીમાં કયા પ્રકારના વર્તન-પરિવર્તનો લાવવના છે તે શિક્ષકે સમજી લેવું જોઈએ. આવી સમજ ઉપર અધ્યાપન પ્રક્રિયાનો સમગ્ર અભિગમ આધાર રાખે છે. જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક પાસાંને સ્પર્શતા આ અપેક્ષિત વર્તન-પરિવર્તનો એ શિક્ષણના મુખ્ય હેતુઓ અર્થાત્ ધ્રુવ તારક હેતુઓ ગણી શકાય.

⇨ અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા અંગે આજ સુધીમાં ઘણા સંશોધનો અને પ્રયોગો થયા છે અને આજે પણ થઈ રહ્યા છે. જેના ફળસ્વરૂપે અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવે એવા કેટલાંક સિદ્ધાંત રચાયા છે. વળી, આ પ્રક્રિયા અંગેના ચિંતન અને અનુભવનમાંથી એ પ્રક્રિયાને જીવંત, સુબોધ અને વિદ્યાર્થીભોગ્ય બનાવે તેવા કેટલાંક તારણો પણ શિક્ષણજગતને પ્રાપ્ત થયા છે. આ તારણો કે નિષ્કર્ષો અધ્યાપનનાં સૂત્રો તરીકે જાણીતા થયા છે. અધ્યાપનની સંકલ્પનાઓ સાથે તેના આ સૂત્રોનો વિગતે નિર્દેશ પણ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

⇨ અધ્યાપનની જૂની અને નવી વિભાવના :

⇨ અધ્યાપનની જૂની વિભાવના :

— અધ્યાપનની જૂની વિભાવના વિષયકેન્દ્રી હતી વિષય-વસ્તુ મોઢે કરાવવું એવો મુખ્ય ખ્યાલ હતો.

— શિક્ષણની નૂતન પદ્ધતિઓ અને પ્રવિધિઓનો નિષેધ.

⇨ શિક્ષકોની માન્યતા :

- ભણાવવાનો અધિકાર માત્ર શિક્ષકનો જ
- બોલી બોલીને જ ભણાવાય
- પાઠ્યપુસ્તકમાં હોય તે જ ભણાવવાનું હોય
- ભણાવવાનું કામ વર્ગખંડમાં જ થાય.
- જ્ઞાન માત્ર ગોખવાથી જ પ્રાપ્ત થાય.
- કંઠસ્થ ન કરનારને શારીરિક દંડથી જ શીખવાય.
- ‘સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે ધમ ધમ‘ એ અધ્યાપન પ્રક્રિયાનું ધ્રુવપદ.
- ડર ન ઉપજાવે તે શિક્ષક નથી.
- શિક્ષક એટલે સરમુખત્યાર, સર્વેસર્વા.

- શિક્ષણ એટલે ગુણ વિકાસ, શિસ્ત (દમનયુક્ત) સંસ્કાર અને શરીર-મનની તંદુરસ્તી.

➪ વિદ્યાર્થીની સ્થિતિ :

- અધ્યાપન તદ્દન શુષ્ક, નિરસ અને યાંત્રિક
- વર્ગ બાળકો માટે સ્વર્ગ નહિં નર્ક સમાન.
- બાળક માટે શાળાનો ઘંટ ઈમરજન્સીના જાહેરનામા સમાન.
- વિદ્યાર્થીના માનસ પર સતત ચિંતા, ડરનો ભાવ.
- શૈક્ષણિક પરિવર્તનોથી અજાણ.
- બાળકો બિચારા નિષ્ક્રિય શ્રોતાઓ તરીકે ડાહ્યા-ડમરા થઈને શ્રવણ કરે.

➪ અધ્યાપનની નવી વિભાવના :

➪ નવી વિભાવનાના પ્રણેતાઓ

➪ પેસ્ટોલોઝી, જ્હોન ડ્યૂઈ અને ગાંધીજી જેમણે જગતને કેળવણીની નવી વિચારધારાની ભેટ આપી જેથી અધ્યયન-અધ્યાપન વ્યવહાર અંગે સંદૃષ્ટિ પ્રાપ્ત થઈ જેથી કેળવણીના હેતુઓ, શિક્ષણ પદ્ધતિઓ, અધ્યયન પ્રવૃત્તિઓ, પરીક્ષણ અને મૂલ્યાંકન પ્રવિધિઓમાં પરિવર્તન આવ્યું.

- અધ્યાપન હેતુકેન્દ્રી બન્યું.
- અધ્યાપન બાળકેન્દ્રી બન્યું.
- અધ્યાપનની નૂતન પદ્ધતિઓ અને પ્રવિધિઓનો જન્મ થયો.
- શિક્ષકોનો અધ્યાપન વ્યવહારના પાયામાં મનોવિજ્ઞાનનો ઉદ્ભવ થયો.
- વિદ્યાર્થીને ‘શિખવવા’ કરતાં ‘શીખતો’ કરવાનું તત્ત્વજ્ઞાન સ્વીકારાયું.
- અધ્યાપનમાં સજા કરતાં બદલો કે પુરસ્કાર વિશેષ કામયાબ છે તે વાતનો સ્વીકાર થયો.
- શિક્ષક બાળકનો મિત્ર, માર્ગદર્શક અને શુભેચ્છક બન્યો.
- અધ્યાપન પ્રક્રિયા વૈવિધ્યપૂર્ણ અને ક્રિયામય બની.
- વર્ગમાં મુક્ત શિસ્ત અને મુક્ત વાતાવરણ પાંગર્યું.
- શિક્ષક ઉચ્ચસ્તરીય આયોજન અને વ્યવસ્થાપન પ્રદર્શિત કરવાનું વલણ ધરાવતા થયા.
- શિક્ષક નવા વિચારોને આવકારતા થયા.
- વર્ગને સ્વર્ગ સમું બનાવવા શિક્ષક સ્વ-કાર્યસાધક બન્યો.
- વિદ્યાર્થીઓ દ્વારા પ્રવૃત્તિ અને પ્રક્રિયાઓનો સ્વીકાર થયો.
- શિક્ષણ ચિરંજીવ અને દૃઢ બનતાં રસપ્રદ બન્યું.
- આજનું શિક્ષણ સર્વાંગી વિકાસ, જન્મગત શક્તિઓનું પ્રગટીકરણ, સંપૂર્ણ વ્યક્તિમત્તાની અભિવ્યક્તિવાળું થયું.

- નવી વિભાવના રોટલો કેમ રળવો તથા કોળિયો કેવી રીતે મીઠો બનાવવો અને શ્રેષ્ઠ જે કાંઈ છે તેને બહાર લાવવું જેવી બાબતો પર ભાર મૂકે છે.
- નવી વિભાવનામાં કમ્પ્યૂટર ટેક્નોલોજીનાં બહુમાધ્યમ-મલ્ટિમીડિયા અભિગમનો સ્વીકાર થયો.
- વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ સાધવો જેમાં તેની આંખ, નાક, કાન, મન, બુદ્ધિ, શરીરના તમામ અંગોનો વિકાસ થાય.
- સર્વાંગીણ ધ્યેયને સિદ્ધ કરવા જ્ઞાન પ્રાપ્તિ, જ્ઞાનનો ઉપયોગ, સમજની ખીલવણી, કૌશલ્યોનો વિકાસ, વલણો-અભિરુચિઓ-સુટેવોનું ઘડતર વગેરે જેવા હેતુઓને કેન્દ્રમાં રાખીને શિક્ષણ કાર્ય કરવા ઉપર ભાર મૂકાયો.
- સોક્રેટીસના મતે શિક્ષક 'દાયણ' સમાન છે કારણ કે તે જ્ઞાન 'દેનારો' અને 'જ્ઞાનને બહાર આણનારો' છે.
- ગાંધીજીના મતે કેળવણી તે છે કે જે બાળક-વ્યક્તિનાં શરીર, મન અને આત્મામાં જે કંઈ શ્રેષ્ઠ છે એને બહાર લાવે.
- ફ્રોબેલ શિક્ષકને માળી સાથે સરખાવ્યો છે. જે રીતે માળી છોડને ખાતર, પાણી, સંરક્ષણ જેવી સગવડો દ્વારા છોડનો વિકાસ સાધે તેમ શિક્ષકે બાળકને એની બીજભૂત શક્યતાઓની સંપ્રાપ્તિમાં સહાયભૂત થવાનું છે.